ગુજરાત રાજ્ય યુવક બોર્ડ હેઠળ યુવા પ્રવૃત્તિઓને વેગમાન બનાવવા વ્યવસ્થાતંત્ર ગોઠવવા બાબત

ગુજરાત સરકાર,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંક:યસપ/૧૦૨૦૧૬/૧૩૬૪/બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૮-૧૨-૨૦૧૮

વંચાણે લીધા:-

૧. વિભાગનો તા.૨૨/૦૬/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:યસપ-૧૦૨૦૧૨-૧૯૫-વિ.સેલ
૨. વિભાગનો તા.૧૯/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: વજઉ-૧૦૨૦૧૬-૨૪૮-ક
૩. વિભાગનો તા.૦૧/૧૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:યસપ-૧૦૨૦૧૬-૧૩૬૪-બ

આમુખ:

રાજ્યના યુવાનોના વિકાસ, વ્યક્તિત્વ ઘડતર, આત્મવિશ્વાસ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન, રાષ્ટ્રીય ભાવના, ભાઇચારાની ભાવના, એકતા, સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી રચનાત્મક, સામાજીક પ્રવૃત્તિઓ, સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન, રમતગમત પ્રવૃત્તિઓનો વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, યુવાશક્તિને રચનાત્મક કાર્યમાં જોડવા વિગેરે દ્વારા સૌનો સર્વાંગિક વિકાસ વિગેરે હેતુસર આ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૨ તથા ૧૯/૦૪/૨૦૧૬ના ઠરાવોથી રાજ્યમાં ગ્રામ્ય કક્ષાએ સ્વામી વિવેકાનંદ મંડળો તથા નગરપાલિકા, તાલુકા અને જિલ્લા કક્ષાએ સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રોની રચના કરેલ છે.

વંચાણે લીધેલ રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૦૧/૧૨/૨૦૧૬ના ઠરાવથી રાજ્યના યુવાનોની શક્તિઓને રચનાત્મક કાર્યોમાં જોડી તેઓનો સર્વાંગી વિકાસ થાય તથા વિવિધ યુવક કલ્યાણની પ્રવૃત્તિઓ તથા તેના અમલીકરણ માટે ગુજરાત રાજ્ય યુવક બોર્ડની રચના કરવામાં આવેલ છે. યુવક બોર્ડની સ્થાપના અંગેના તા.૦૧/૧૨/૨૦૧૬ના ઠરાવની જોગવાઇ મુજબ સ્વામી વિવેકાનંદ મંડળો/યુવા શક્તિ કેન્દ્રોને ગુજરાત રાજ્ય યુવક બોર્ડના સીધા નિયંત્રણ હેઠળ મુકવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય યુવક બોર્ડના બંધારણમાં ફેરફાર કરવાની સત્તા સરકારશ્રીને છે તથા વિભાગના તા.૦૧/૧૨/૨૦૧૬ના બોર્ડની રચના બાબતના ઠરાવમાં નહીં ઉલ્લેખાયેલ કોઇપણ બાબતે સરકાર યોગ્ય નિર્ણય લઇ શકશે તેવી જોગવાઇ સુચિત કરેલ છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા પણ પ્રજાકલ્યાણકારી તથા વિકાસલક્ષી કાર્યક્રમો અને યોજનાઓ ઘડવામાં આવેલ છે. જેનો મહત્તમ લાભ રાજ્યના બધા જ લોકોને મળી રહે અને છેવાડાનો વ્યક્તિ પણ તેનાથી વંચિત ન રહી જાય તેવો રાજ્ય સરકારનો ઉમદા આશય છે.

તાજેતરના વર્ષોમાં દેશ તેમજ રાજ્યની પ્રજા કલ્યાણકારી તેમજ વિકાસલક્ષી કાર્યક્રમો અને યોજનાઓનો ઘણો વિકાસ થયેલ છે. સાથે સાથે રાષ્ટ્રીય અને સામાજિક ઉત્કર્ષની ભાવના પણ રાજ્યના યુવાનોમાં વધુ ને વધુ પ્રબળ બને તે જરૂરી છે. આથી રાજ્યના યુવાધનને યોગ્ય પ્રેરણા, દિશાસુચન, માર્ગદર્શન તથા લીડરશીપ મળી રહે અને તેઓમાં ઉભરી રહેલ રાષ્ટ્રીય તથા સામાજિક ભાવનાનો સમન્વય કરી તેઓની શક્તિઓને રાજ્ય અને દેશના વિકાસ તરફ વાળીને તથા રાજ્ય સરકારના પ્રજાકલ્યાણકારી તથા વિકાસલક્ષી કાર્યક્રમો અને યોજનાઓનો મહત્તમ લાભ લોકો સુધી પહોંચાડી શકાય તે ખૂબ જ જરૂરી જણાય છે.

ઠરાવ:

આ દિશામાં કાર્ય કરી રહેલ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ અને વિવેકાનંદ મંડળો / યુવા શક્તિ કેન્દ્રો વચ્ચે કામગીરી બજાવવા સારૂ આ બન્ને વચ્ચે એક વ્યવસ્થા ઉભી કરવી જરૂરી જણાતી હતી. આથી નીચે મુજબ માળખું રચવામાં આવે છે. આ માળખું ગુજરાત રાજ્ય યુવક બોર્ડના ઉપાધ્યક્ષના સીધા નિયંત્રણ નીચે કામગીરી કરશે અથવા રાજ્ય સરકાર આ અંગે અલગથી રાજ્ય કક્ષાના સમન્વયક (કન્વીનર) ની નિમણુંક કરી શકશે.

આ કામગીરી રાજ્યના દરેક ગામ, તાલુકા, નગરપાલિકા વિગેરે કક્ષાએ યોગ્ય રીતે થાય તે માટે રાજ્યના બધા જ જિલ્લાઓને ૮(આઠ) ઝોનમાં વહેંચી અને આઠેય ઝોન માટે ઝોનલ પ્રભારી, તમામ જિલ્લા મથકોએ જિલ્લા સંયોજક, તાલુકા કક્ષાએ તાલુકા સંયોજક અને નગરપાલિકા કક્ષાએ નગરપાલિકા સંયોજકોની નિયુક્તિ કરી આ કામગીરી કરવાનું આથી નક્કી કરવામાં આવે છે.

(૧) આ કામગીરીની સરળતા માટે વિવિધ ૮(આઠ) ઝોન નીચે મુજબ રહેશે. જેમાં જે તે જિલ્લાની નગરપાલિકા અને મહાનગરપાલિકાનો સમાવેશ થશે.

| ઝોન | જીલ્લાનું નામ | ઝોનલ પ્રભારીનું વડું મથક |
|---|---|---|
| ૧ | વલસાડ, નવસારી, ડાંગ, સુરત, તાપી | સુરત |
| ૨ | ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, વડોદરા | વડોદરા |
| ૩ | આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર | ગોધરા |
| ૪ | અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા | ગાંધીનગર |
| ૫ | સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, અરવલ્લી | પાલનપુર |
| ૬ | કચ્છ, મોરબી, રાજકોટ | રાજકોટ |
| ૭ | ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી | ભાવનગર |
| ૮ | જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર | પોરબંદર |

ઝોનલ પ્રભારીની મદદ માટે તથા સરકારના પ્રજાકલ્યાણકારી તથા વિકાસલક્ષી કાર્યક્રમો અને યોજનાના લાભો લોકો સુધી પહોંચાડવા તેઓની નીચે જિલ્લા સંયોજક, જિલ્લા સંયોજકની નીચે તાલુકા અને નગરપાલિકા સંયોજક કામગીરી કરશે.

(૨) ઝોન કક્ષાએ વહીવટી માળખું:

ઝોનલ પ્રભારીશ્રીની મદદ માટે તેમની કચેરીમાં નીચે મુજબનો સ્ટાફ/મહેકમ માન્ય એજન્સી પાસેથી આઉટસોર્સથી નિમવાનો રહેશે.

| ક્રમ | નામ | સંખ્યા | માસિક પગાર | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ઝોનલ પ્રભારી | ૦૧ | રૂ. ૨૫૦૦૦/- | આઉટસોર્સથી |
| ૨ | સ્ટેનોગ્રાફર | ૦૧ | રૂ. ૧૨૦૦૦/- | આઉટસોર્સથી |
| ૩ | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | રૂ.૧૦૦૦૦/- | આઉટસોર્સથી |
| ૪ | પટાવાળા | ૦૧ | રૂ.૭૫૦૦/- | આઉટસોર્સથી |

ઝોનલ પ્રભારી અને તેમના સ્ટાફની બેઠક વ્યવસ્થા કલેક્ટરશ્રીના પરામર્શમાં રહીને કરવાની રહેશે.

આમ, રાજ્યકક્ષાએ બોર્ડ, તેની નીચે ઝોનલ પ્રભારી, તેઓની નીચે જિલ્લા સંયોજક, જિલ્લા સંયોજકની નીચે તાલુકા સંયોજક અને નગરપાલિકા સંયોજક તે પ્રમાણેના ક્રમમાં કામગીરી કરવાની રહેશે.

(૩) રાજ્યના દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાની કામગીરી માટે જિલ્લા દિઠ એક સંયોજકની એમ કુલ ૩૩ જિલ્લા સંયોજક, રાજ્યના તમામ તાલુકાઓમાં તાલુકા દિઠ બે તાલુકા સંયોજકની એમ કુલ ૫૦૨ (૨૫૧ X ૨), 'અ' તથા 'બ' વર્ગની નગરપાલિકામાં નગરપાલિકા દીઠ બે સંયોજક અને 'ક' તથા 'ડ' વર્ગની નગરપાલિકામાં નગરપાલિકા દીઠ એક સંયોજકની એમ કુલ ૨૧૭ નગરપાલિકા સંયોજકો, આ તમામ કુલ ૭૫૨ સંયોજકની જગ્યાઓની સેવાઓ સરકાર માન્ય એજન્સી મારફતે આઉટસોર્સથી મેળવવાની રહેશે.

જિલ્લા સંયોજકને માસિક રૂ.૧૮,૦૦૦/- (રૂ.૧૫૦૦૦/- માનદ વેતન + રૂ.૩૦૦૦/- કન્વેયન્સ એલાઉન્સ) અને નગરપાલિકા સંયોજક તથા તાલુકા સંયોજકને માસિક રૂ.૧૨,૦૦૦/- (રૂ.૧૦૦૦૦/-માનદ વેતન + રૂ. ૨૦૦૦/- કન્વેયન્સ એલાઉન્સ) વેતન આપવાનું રહેશે. જિલ્લા સંયોજક સ્નાતક કક્ષાના તથા સામાજીક અને રચનાત્મક પ્રવૃત્તિઓના આયોજનની કામગીરીના ત્રણ વર્ષના અનુભવી હોવા જોઈએ. તાલુકા સંયોજક ઓછામાં ઓછું ધોરણ ૧૨ પાસ હોવા જોઇએ, પણ સ્નાતક કક્ષાના ઉમેદવારને અગ્રતા આપી શકાશે. જિલ્લા, તાલુકા અને નગરપાલિકા સંયોજકો સોશિયલ મીડીયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ તેમજ તેઓ પાસે ટુ-

વ્હીલર પણ હોવું જોઇએ. તેઓની ઉમર ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. ગુજરાત રાજ્ય યુવક બોર્ડ રાજ્યસરકારની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર આઉટસોર્સિંગ એજન્સીના માધ્યમથી સંયોજકોની સેવાઓ ઉપરના દરે લેવાની રહેશે.જિલ્લા સંયોજકોએ ઝોનલ પ્રભારીની દેખરેખ હેઠળ કામગીરી કરવાની રહેશે.

(૪) આ નવા માળખા અંગેની સમગ્ર કામગીરીની દેખરેખ માટે નીચે મુજબ રાજ્યકક્ષાના અલાયદા સેલની રચના કરવામાં આવે છે જેમાં એક અધિક કલેક્ટર કક્ષાના અધિકારી ફાળવવામાં આવશે, જેનું નામાભિધાન ખાસ ફરજ પરના અધિકારી, યુથ બોર્ડ (OSD YOUTH BOARD) રહેશે. આ સેલમાં નીચે મુજબના અધિકારી/કર્મચારીઓની જગ્યાઓ મંજુર કરવામાં આવે છે.આ સેલ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ હસ્તક રહેશે.

| ક્રમ | નામ | સંખ્યા | માસિક પગાર | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | અધિક કલેક્ટર (ખાસ ફરજ પરના અધિકારી) | ૦૧ | - | પ્રતિનિયુક્તિથી/ નિવૃતિબાદ કરાર આધારિત |
| ૨ | સેક્શન અધિકારી/મામલતદાર વર્ગ-૨ | ૦૨ | - | પ્રતિનિયુક્તિથી/ નિવૃતિબાદ કરાર આધારિત |
| ૩ | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૨ | રૂ.૧૦૦૦૦/- | આઉટસોર્સથી |
| ૪ | સ્ટેનોગ્રાફર | ૦૨ | રૂ.૧૨૦૦૦/- | આઉટસોર્સથી |
| ૫ | પટાવાળા | ૦૨ | રૂ.૭૫૦૦/- | આઉટસોર્સથી |

(૫) આ હેતુ માટે નિમાયેલ (ખાસ ફરજ પરના અધિકારી) તેમજ અન્ય સ્ટાફ માટે સામાન્ય વહિવટ વિભાગે સત્વરે જરૂરી જગ્યા તાત્કાલિક ફાળવવાની રહેશે, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓએ જરૂરી ફર્નિચરની વ્યવસ્થા કરવાની રહેશે. ખાસ ફરજ પરના અધિકારીને તેમની કક્ષા પ્રમાણેનું વાહન મળવા પાત્ર થશે.

(૬) આ માળખા દ્વારા નીચે મુજબ કામગીરી કરવાની રહેશે.

(a) રાજ્યના યુવાનોના વિકાસ, વ્યક્તિત્વ ઘડતર, આત્મવિશ્વાસ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન, રાષ્ટ્રીય ભાવના, ભાઇચારાની ભાવના, એકતા, સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી રચનાત્મક પ્રવૃત્તિ- સામાજીક પ્રવૃત્તિઓ, સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન, રમતગમત પ્રવૃત્તિઓનો વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવી, યુવાશક્તિને રચનાત્મક કાર્યમાં જોડવા, યુવાનોનો સર્વાંગિક વિકાસ કરવો.

(b) સરકારની પ્રજાકલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે યોજનાઓની માહિતી વિશાળ જનસમુદાય સુધી પહોંચાડવી.

(c) કેન્દ્ર સરકાર-રાજ્ય સરકારની પ્રજાકલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાના લાભાર્થીઓનો સંપર્ક કરી તેઓનો યોજના વિષયક પ્રતિભાવ મેળવવો.

(d) સરકાર દ્વારા યોજાતા મહત્વના પ્રજાકલ્યાણકારી કાર્યક્રમો અને વિકાસલક્ષી યોજનાઓ જેવી કે સેવા સેતુ કાર્યક્રમ, ગરીબ કલ્યાણ મેળા, મહત્વની યોજનાઓ, રાષ્ટ્રીય ઉત્સવો, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી, મહાનુભાવોની જન્મજ્યંતીની ઉજવણી, લોક જાગૃતિ અંગેની યાત્રાઓ/કાર્યક્રમો વિગેરે માટે સરકાર અને પ્રજા વચ્ચે કડીરૂપ કામગીરી કરી પરસ્પર યોગ્ય સંકલન સાધવું.

(e) ગ્રામ્ય કક્ષાએ સરકારની પ્રજાકલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓ બાબતે લોકોનો પ્રતિસાદ (feedback) (દર અઠવાડિયે) મેળવીને પ્રકલ્પના સમન્વયક દ્વારા અલગ રચાયેલ સેલને રજુ કરવો.

(f) કુદરતી કે માનવસર્જીત આપત્તિમાં સ્થાનિક લોકોને મદદરૂપ થવા તથા નાગરીકોમાં રાષ્ટ્રીય ભાવના, સામાજિક ભાવના, એકતા, સંગઠન, સેવા અને સહકારની ભાવના કેળવી રાજ્ય અને દેશના વિકાસ અને રાષ્ટ્રીય નિર્માણમાં તેઓનું યોગદાન મળી રહે તે મુજબની કામગીરી કરવી.

(g) નાગરિકોના હકો અને તેઓની ફરજો પ્રત્યે જાગૃતિ કેળવવી

(h) શોષણ, અપરાધ (ગુના), વ્યસન, સામાજિક દૂષણો સામે જાગૃતિ તેમજ સમજ કેળવવી.

(i) સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, દિવ્યાંગો તથા નબળા, અશક્ત અને અસહાય વર્ગો/વ્યક્તિઓ પ્રત્યે સામાજીક ફરજો અને તેઓના સન્માન અને હકોનું રક્ષણ

(૮) રાજ્ય કક્ષાએ આ કામગીરી બાબતનો અહેવાલ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓએ વિભાગના સચિવશ્રી મારફત માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં જનસંપર્ક શાખામાં રજૂ કરવાનો રહેશે. આ અંગેનું યોગ્ય સંકલન કરીને માન.મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અંગેની સમગ્ર વિગતો સમીક્ષા અર્થે રજૂ કરવાની જવાબદારી જનસંપર્ક અધિકારીશ્રીની રહેશે.

(૯) <u>આયોજન:</u>

આ અંગેના આયોજનની વિગતો નીચે મુજબ રહેશે.

અ) ઝોન કક્ષાએ પૂર્ણ દિવસની તાલીમ કાર્યક્રમ

બ) જિલ્લા કક્ષાએ તમામ કક્ષાના સંયોજકોની પૂર્ણ દિવસની તાલીમ

ક) ડીસેમ્બર-૨૦૧૮ થી ૩૧ માર્ચ-૨૦૧૯ સુધી આ સરકારની પ્રજાકલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યક્રમોના લાભાર્થી એવા સૌથી પાયાના સ્તર (ગામ-સોસાયટી-મહોલ્લા-પોળ-વિસ્તાર) પર અમલીકરણ

(૧૦) વિવિધ કક્ષાનો વાર્ષિક અંદાજીત ખર્ચ તથા તાલીમ સ્ટેશનરી વિગેરે અન્ય ખર્ચ મળીને કુલ ખર્ચ રૂ.૧૨.૫૦/- કરોડ અંદાજવામાં આવેલ છે. આથી ડીસેમ્બર-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૯ એમ ચાર માસ માટે રૂ.૪.૧૫/- કરોડનો અંદાજીત ખર્ચ થશે. જે નીચે જણાવેલ બજેટ હેડમાંથી તથા જરૂર જણાયે પુનઃ વિનિયોગ અથવા સરકાર તરફથી વધારાની ગ્રાન્ટ ઓથોરાઇઝેશન દ્વારા મેળવીને ઉપલબ્ધ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના માંગણી નં. ૯૮- યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, મુખ્ય સદર-૨૨૦૪- ખેલકુદ અને યુવક સેવાઓ-૦૦, ગૌણસદર-૧૦૩-વિદ્યાર્થીઓ સિવાયના યુવક માટે કલ્યાણ કાર્યક્રમ-૦૨-ઇડીએન-૫૨- યુવક કલ્યાણની સંકલિત યોજના, વિભાગ-૨, ચાલુ બાબત, મહેસૂલી સદરેની અંદાજપત્રીય જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૬/૧૨/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.એ.પટેલ ),
સેક્શન અધિકારી,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રી, રાજભવન, ગાંધીનગર, ગુજરાત
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ તથા માન.રાજ્યકક્ષા મંત્રીશ્રીઓ ના અંગતસચિવશ્રી, માન.મંત્રીશ્રીના ધ્યાને મૂકવા સારૂ
- માન.મંત્રીશ્રી (ર.ગ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- નાણાં સલાહકારશ્રી (રમતગમત), સચિવાલય, ગાંધીનગર
- ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
- કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,ગાંધીનગર.
- વિભાગના સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે શાખાઓ અને અધિકારીશ્રીઓ, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય. ગાંધીનગર.
- વેબ મેનેજરશ્રી, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેકટ ફાઇલ.